દાદરા & નગર હવેલી, દમણ અને દિવના પૂર્વ સૈનિકોને ગુજરાતમાં નોંધણી કરવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ ક્રમાંક: HD/MSK/e-file/8/2026/4233/F

તા.ઈ-સાઇન મુજબ

**વંચાણે લીધા:**

(૧) કેન્દ્રીય સૈનિક બોર્ડ, સંરક્ષણ મંત્રાલય, ભારત સરકારનો પત્ર ક્રમાંક: 035/Policy/D&D/Vol-1. તા.૨૭/૦૫/૨૦૨૬.

(૨) નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદનો પત્ર ક્રમાંક: નસકપ/૮૨/જનસ-૨/૨૦૨૬. તા.૦૮/૦૬/૨૦૨૬.

**ઠરાવ:**

વંચાણે લીધા ક્રમાંક-(૧) પરના પત્રની ભલામણ અન્વયે દાદરા & નગર હવેલી, દમણ અને દિવના પૂર્વ સૈનિકો/આશ્રિતોની નોંધણી કરવા, I-card આપવા અને અન્ય વહીવટી કાર્યો માટે નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ગુજરાત રાજ્ય હસ્તકની સંબંધિત જિલ્લા કચેરીઓમાં આવરી લેવા વંચાણે લીધા ક્રમાંક-(૨) થી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે, **એક વચગાળાની કાર્યકારી વ્યવસ્થા તરીકે નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ગુજરાત રાજ્ય હસ્તકની સંબંધિત જિલ્લા કચેરીઓમાં દાદરા & નગર હવેલી, દમણ અને દિવના પૂર્વ સૈનિકો/આશ્રિતોની નોંધણી કરવા, I-card** આપવા અને અન્ય વહીવટી કાર્યો માટે નીચેની **શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.**

| ક્રમ | સંબંધિત જિલ્લા કચેરીનું નામ | સંબંધિત કેન્દ્રશાસિત પ્રદેશના પૂર્વ સૈનિકો/આશ્રિતો |
|---|---|---|
| ૧. | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરત | દાદરા & નગર હવેલી અને દમણ ખાતેના પૂર્વ સૈનિકો |

| | | |
|---|---|---|
| ૨. | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, પોરબંદર | દિવ ખાતેના પૂર્વ સૈનિકો |

**<u>શરતો:</u>**

- દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ ખાતેના પૂર્વ સૈનિકો/આશ્રિતો માટે વહીવટી કામગીરીની આ વ્યવસ્થા માત્ર વચગાળાની કાર્યકારી વ્યવસ્થા તરીકે રહેશે.
- દાદરા & નગર હવેલી, દમણ અને દિવના પૂર્વ સૈનિકો/આશ્રિતોને ગુજરાત સરકાર તરફથી પૂર્વ સૈનિકોને આપવામાં આવતી વિવિધ સહાય અને યોજનાઓનો લાભ મળવાપાત્ર રહેશે નહી.
- સંબંધિત જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીમાં અરજી/નોંધણી થવાથી ઉક્ત પૂર્વ સૈનિકો/ આશ્રિતોને ગુજરાત રાજ્યના રહેવાસી/લાભાર્થી તરીકે ગણવામાં આવશે નહીં તથા તેના આધારે ગુજરાતના વતની/ડોમિસાઇલ માટેની રાજ્ય સરકારની અન્ય કોઇ સહાય/લાભ મેળવવાનો હક પ્રસ્થાપિત થશે નહી.
- આ વ્યવસ્થા અમલમાં મૂકવાથી સરકારશ્રી પર વધારાનું નાણાકીય ભારણ ઉભુ ન થાય તે અંગેની તકેદારી નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદે રાખવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ઇ-ફાઇલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sign

(અનિલ ચૌધરી)

ઉપસચિવ

ગૃહ વિભાગ

**<u>નકલ રવાના:</u>**

(૧) માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(3) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૪) કેન્દ્રીય સૈનિક બોર્ડ, સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર. (મારફત- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, શાહીબાગ, અમદાવાદ)

(૫) નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, શાહીબાગ, અમદાવાદ.

(૬) સેકશન અધિકારીશ્રી, IT-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબ સાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૭) શાખા સિલેક્ટ ફાઇલ/ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.

*Signature Not Verified*

*Signed by:ANILKUMAR CHAUDHARI*
*Under Secretary*
*Date:2026.09.09 11:30:05 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*